**પાટડીના મહે. એડી.જયુડી. મેજી.ફ.ક. સાહેબશ્રીની અદાલતમાં, મુ. પાટડી.**

**ફો.કે.નં. ૯૯૨/૨૨**

આંક :

શ્રી સરકાર ..........................................ફરીયાદી

વિરૂધ્ધ

શબ્બીરભાઈ પીરભાઈ બેલીમ ..........................................આરોપી

**ગુનો : ઈન્ડીયન પીનલ કોડ ની કલમ ૨૮૩ મુજબ**

**<u>-: ઠરાવ :-</u>**

૧. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે તા. ૧૮/૦૯/૨૨ ના રોજ કલાક ૧૭:૩૦ વાગ્યે માલવણ મુકામે જાહેર રોડ ઉપર પોતાના હવાલાવાળી હીરો સ્પ્લેન્ડર મોટર સાયકલ નંબર જીજે. ૩૮ એએચ. ૬૨૬૦ વાળુ અડચણરૂપ થાય તથા અકસ્માત સર્જાય તે રીતે રોડ પર ઉભુ રાખી ઈ.પી.કો.ક. ૨૮૩ મુજબ આરોપીએ શીક્ષાને પાત્ર ગુનો કરેલો છે.

૨. આ કામે આરોપી સામે બજાણા પો. સ્ટે. ગુ.ર.નં. ૦૧૬૭/૨૦૨૨ થી ગુનો રજીસ્ટર કરી તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ- ૨૮૩ મુજબના ગુનાનું ચાર્જશીટ જયુડી. મેજી.ફ.ક. પાટડી સમક્ષ રજુ કરવામાં આવેલુ છે.

**૩.** આરોપી અત્રેની અદાલતમાં હાજર થતા ક્રિ.પો.કો.ક. ૨૦૭ મુજબ તેઓને સદરહું કેસના પોલીસ તપાસના કાગળોની નકલો મળ્યાની ખાતરી કર્યા બાદ, આરોપીઓનું નિવેદન આંક :૩ થી લેતા આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવે છે તેઓની સામેના આક્ષેપો અંગે સમજાવતા, આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલાત પુરસીસ આપી ગુનો કબુલ હોવાનું જણાવતા, આરોપીની સ્વૈચ્છિક કબુલાત સ્વીકારવામાં આવી. આરોપી તર્ફે રજુઆત છે કે તેઓ ગરીબ માણસ છે. તેઓનો પ્રથમ ગુનો છે. કુટુંબનો આધાર તેના ઉપર છે અને દયાની માંગણી કરે છે. આમ આરોપીની ગુના કબુલાત તથા કેસના સંજોગો ધ્યાને રાખી, આરોપીને તકસીરવાન ઠરાવી ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

<u>**– : હુકમ :–**</u>

(૧)	આરોપીને ઈ.પી.કો. કલમ – ૨૮૩ મુજબના ગુનામાં ક્રિ.પ્રો.કો.ક. ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી **રૂા. ૨૦૦/– (અંકે રૂપિયા બસો પુરા )** દંડનો હુકમ કરવામાં આવે છે, જો આરોપી દંડની રકમ ના ભરે તો દિન–૨ (બે) ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

આ હુકમ આજ રોજ તા. ૧૨ માહે. નવેમ્બર, સને ૨૦૨૨ ના રોજ લોક અદાલતમાં સ્પેશ્યલ સીટીંગમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૨/૧૧/૨૦૨૨
મું. પાટડી

(એ.બી.સીંઘવી)
એડી.જયુ.મેજી.ફ.ક,
પાટડી.